નેપાળમાં આવેલા અચાનક પૂર દરમિયાન ગુમ થયેલી વ્યક્તિઓના પ્રથમ-કક્ષાના સંબંધીઓનું DNA પ્રોફાઇલિંગ

કાઠમંડુ સ્થિત ભારતના દૂતાવાસે 01 સપ્ટેમ્બર 2026 ના રોજ જારી કરેલી પોતાની પ્રેસ રિલીઝમાં, 26 ઑગસ્ટ 2026 ના રોજ નેપાળમાં આવેલા અચાનક પૂરથી મૃત્યુ પામેલા લોકોના પાર્થિવ અવશેષોની ઓળખ માટેની પ્રક્રિયાઓ અંગે ઉપલબ્ધ માહિતી રજૂ કરી હતી. પ્રેસ રિલીઝ અહીં જોઈ શકાય છે:

https://www.indembkathmandu.gov.in/media-detail/960

2. આ પૃષ્ઠભૂમિમાં, તેમજ ચાલુ ઓળખ પ્રક્રિયાને સરળ બનાવવા માટેના વધારાનાં પગલાં તરીકે, ભારત સરકારના ગૃહ મંત્રાલયે (MHA) નેપાળમાં આવેલા અચાનક પૂર બાદ હજુ પણ ગુમ છે તેવી વ્યક્તિઓના પ્રથમ-કક્ષાના જૈવિક સંબંધીઓની DNA પ્રોફાઇલિંગ માટે ભારતમાં આવેલી સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીઝ (CFSLs), સ્ટેટ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીઝ (SFSLs) અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU) ની લેબોરેટરીની સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લીધો છે.

3. તે અનુસાર, ભારતમાં રહેતા પ્રથમ-કક્ષાના જૈવિક સંબંધીઓ, એટલે કે પિતા, માતા, પુત્ર, પુત્રી અથવા ભાઈ-બહેનના જૈવિક નમૂનાઓ નીચે દર્શાવેલ સુવિધાઓ ખાતે એકત્રિત કરી તેમની DNA પ્રોફાઇલ તૈયાર કરવામાં આવી શકે છે:

(a) સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીઝ (CFSLs);

(b) સ્ટેટ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીઝ (SFSLs);

(c) નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની લેબોરેટરી (NFSU); અને

(d) DNA પ્રોફાઇલિંગ ક્ષમતા ધરાવતી NABL-માન્યતા પ્રાપ્ત લેબોરેટરી.

4. DNA પ્રોફાઇલિંગની સુવિધા ધરાવતી સરકારી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી/સંપર્ક કેન્દ્રોની સૂચિ પરિશિષ્ટ I તરીકે જોડવામાં આવી છે . પરિશિષ્ટમાં નમૂનાઓના સંગ્રહ અને DNA પ્રોફાઇલ તૈયાર કરવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટેનું જૈવિક નમૂના સંગ્રહ ફોર્મ પણ સામેલ છે.

5. નેપાળ પોલીસની સલાહ મુજબ, નેપાળી સત્તાવાળાઓ દ્વારા જણાવવામાં આવેલી તકનીકી જરૂરિયાતોને આધિન રહીને, ઓળખના હેતુસર ઑટોસોમલ STR DNA પ્રોફાઇલિંગ હાથ ધરી શકાય છે. આ સંદર્ભમાં હેલ્પલાઇન નંબર છે: +977 9841 6160 95.

6. એકવાર તૈયાર થઈ ગયા બાદ, નેપાળી સત્તાવાળાઓ દ્વારા જરૂરી ગણાવાયેલી પ્રારંભિક માહિતી સાથે DNA પ્રોફાઇલને અજાણ્યા મૃતદેહોના પાર્થિવ અવશેષોમાંથી મેળવવામાં આવેલી DNA પ્રોફાઇલ સાથેની સરખામણી માટે dnacodis[at]nepalpolice[dot]gov[dot]np પર ઇમેઇલ દ્વારા મોકલી શકાય છે. કાઠમંડુ સ્થિત ભારતના દૂતાવાસ દ્વારા સુવિધા અને સંકલન માટે, DNA પ્રોફાઇલની એક કૉપિ પણ eoikathmandufloodsupport[at]gmail[dot]com પર મોકલી શકાય છે

નવી દિલ્હી

03 સપ્ટેમ્બર, 2026